# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મહારાષ્ટ્ર વિધાનસભાના ચૂંટણી પ્રચાર માટે મુંબઇ જશે – એક જ દિવસમાં ચાર સભાઓ સંબોધશે
2) રાજ્યના વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન-ટેક્નૉલોજીની શોધ માટે પ્રેરિત કરવા આજથી ગુજસેક ભાવિકા કાર્યક્રમનો પ્રારંભ થશે.
3) ગાંધીનગરની રાષ્ટ્રીય રક્ષા વિશ્વ વિદ્યાલય અને ચંદીગઢ પોલીસ વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતી કરાર થયા
4) પોરબંદર નજીકનાં દરિયામાંથી ૩ હજાર 500 કરોડ રૂપિયાની કિંમતના માદક પદાર્થો સાથે આઠ ઇરાનીઓની ધરપકડ
5) રાજ્યમાં આગામી 2થી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ ઓછી હોવાની હવામાન વિભાગની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM Bombay Ele.-VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એક દિવસ માટે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે. તેઓ એક જ દિવસમાં ચાર જનસભાઓ સંબોધશે. આજે સવારે તેઓ દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી બિઝનેસ કમ્યુનિટી સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈ તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે.

દરમિયાન તેઓ બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ બપોરે જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ વર્સોવા, અંધેરી, ઘાટકોપર પૂર્વ સહિત અન્ય સ્થળોએ સભા સંબોધશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# CM GURUDWARA

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગઇકાલે ગુરુનાનક દેવની જન્મ જયંતી પ્રસંગે અમદાવાદના થલતેજમાં આવેલા ગુરુદ્વારા ગોવિંદ ધામ ખાતે ગુરુગ્રંથ સાહેબજીના દર્શન કર્યા હતા. તેમજ કીર્તનમાં સહભાગી થયા હતા. અમદાવાદ શહેરના શીખ પરિવારો શ્રદ્ધા પૂર્વક આ ઉજવણીમાં ઉમટ્યા હતા.

---------------------------------------------------------------------

- મા ખા / જયેશ વેગડા

-(NAVIN)

# GUJARAT SAC SCIENCE PROG

રાજ્યના વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીની શોધ માટે પ્રેરિત કરવા આજથી 23 નવેમ્બર સુધી ગુજસેક ભાવિકા કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં કોઈપણ બૉર્ડ અને કોઈ પણ માધ્યમના ધોરણ નવથી 12ના રાજ્યની શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. આ કાર્યક્રમ માટે રાજ્યના 33 જિલ્લામાંથી 34 વિદ્યાર્થિની અને 56 વિદ્યાર્થી એમ 90 વિદ્યાર્થીઓ તેમજ 10 શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટરના નિદેશક નીલેશ દેસાઈ આજે સવારે અમદાવાદ ઈસરોના યશપાલ ઑડિટોરિયમ ખાતે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

ગુજસેક ભાવિકા કાર્યક્રમ અવકાશ વિજ્ઞાનમાં ઉત્સુકતા ફેલાવવી, સંશોધનનો જુસ્સો જગાવવો, રોજિંદા જીવન પર અવકાશ ટેક્નોલોજીની અસરને પ્રકાશિત કરવી, **STEM** એટલે કે, વિજ્ઞાન, ટેક્નોલોજી, ઈજનેરી અને ગણિતશાસ્ત્ર કારકિર્દીને પ્રોત્સાહિત કરવી, અવકાશ સાહસોમાં ઉદ્યોગ સાહસિક વિશ્વાસ ઊભો કરવો અને વિદ્યાર્થીઓને ઇસરોના યુવિકા જેવા રાષ્ટ્રીય કાર્યક્રમ માટે તૈયાર કરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજકૉસ્ટ એટલે કે, ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા ભારતીય અવકાશ સંશોધન સંસ્થા **ISRO**ના સ્પેસ એપ્લિકેશન સેન્ટર – SACના સહયોગથી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

---

- (ગાંધીનગર માહિતીખાતા- પ્રવેશ)

-(NAVIN)

# RRU CHANDIGARH POLICE MoU

ગાંધીનગરની રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલય - RRU અને ચંદીગઢ પોલીસ વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતી કરાર થયા છે. તેનો હેતુ પોલીસિંગમાં સમકાલીન પડકારોને સંબોધવા માટે રચાયેલા વ્યાપક તાલીમ કાર્યક્રમોની શ્રેણી દ્વારા કાયદા અમલીકરણ કર્મચારીઓની ક્ષમતાઓને પ્રોત્સાહન આપવાનો છે. આ કરાર હેઠળ RRU વર્ગખંડ આધારિત સત્રો, વર્ચ્યૂઅલ શીખવાની તક અને બંને અભિગમોને સંયોજિત કરતા હાઇબ્રિડ મોડલ્સ સહિત તાલીમ રચનાની વિવિધ શ્રેણી પ્રદાન કરશે. આ કાર્યક્રમોનું ધ્યાન કેટલાક નિર્ણાયક ક્ષેત્રો પર રહેશે.

આ સહયોગનો હેતુ માત્ર વ્યક્તિગત ક્ષમતાઓમાં સુધારો કરવાનો નહીં, પરંતુ સમગ્ર ચંદીગઢમાં જાહેર સલામતી અને સુરક્ષામાં સકારાત્મક યોગદાન આપવાનો પણ પ્રયાસ છે. આ કરાર હેઠળ વિકસિત તાલીમ કાર્યક્રમો કાયદા અમલીકરણ સંસ્થાઓ દ્વારા સામનો કરાતા સમકાલીન પડકારોને સંબોધવા અને અસરકારક પોલીસિંગ માટે જરૂરી નવીન વ્યૂહરચના અને સાધનો સાથે અધિકારીઓને સજ્જ કરવાની અપેક્ષા છે.

-----------------------------------------------------------------------

- *(હિન્દુસ્થાન સમાચાર/પ્રવેશ)*

-(NAVIN)

# VALSAD JANJATIY GORAV DIVAS

વલસાડના ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફૂલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં જનજાતિય ગૌરવ દિવસ ઉજવાયો. આ પ્રસંગે વિવિધ યોજનાઓ અંતર્ગત કામોનું ડિજિટલ લોકાર્પણ, ખાતમુહૂર્ત તેમજ વિવિધ લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ મંત્રીના હસ્તે કરાયું હતું.

**બાઈટ : પ્રફૂલ પાનશેરીયા,રાજ્ય કક્ષાના મંત્રી,ગુજરાત**

---------------------------------------------------------------------

- **SORCE : NDMS**

જયેશ વેગડા -(NAVIN)

# JANJATIYA GAURAV DAY

તાપી જિલ્લામાં ગઈકાલે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે વન-પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીને “જનજાતિય ગૌરવ દિવસ” તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરાવી, જેનો ઉદ્દેશ આદિજાતિ પ્રભુત્વ ધરાવતા ગ્રામ્ય વિસ્તારોના આદિવાસી સમુદાયનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાનો છે.

દરમિયાન શ્રી પટેલે વિવિધ યોજનાઓના આદિવાસી તથા આદિમજૂથ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમજ દોઢસો જેટલા લાભાર્થીઓને 45 લાખ રૂપિયાથી વધુની વિવિધ લાભો-સહાય આપવામાં આવી હતી.

દરમ્યાન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારની અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ દિવસ ઉજવણીનો કાર્યક્રમ રાજપીપલા ખાતે યોજાયો હતો. શ્રી પરમારે આદિવાસી બાંધવોને વિકાસની મુખ્યધારામાં જોડવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે નાંદોદનાં ધારાસભ્ય ડો. દર્શના દેશમુખ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં બિરસા મુંડા વિશ્વવિદ્યાલય ટૂંક સમયમાં શરૂ કરવામાં આવી રહી છે. ઉપરાંત આદિવાસી સંગ્રહાલયની સ્થાપના કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------

- મા ખા / જયેશ વેગડા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# Porbandar Drug seizure

ભારતીય નૌકાદળ, રાજ્યના ત્રાસવાદ વિરોધી દળ-ATS અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો-NCBની મદદથી પોરબંદરનાં દરિયામાંથી 70 નોટીકલ માઇલ દૂર 700 કિલો માદક પદાર્થોનો જથ્થો જપ્ત કર્યો છે, જેનું મૂલ્ય અંદાજે 3 હજાર 500 કરોડ રૂપિયા છે. 'સાગર મંથન-4' નામનાં આ અભિયાન અંતર્ગત 8 ઇરાની ડ્રગ પેડલરની ધરપકડ કરવામાં આવી છે. તમામને માદક પદાર્થો સાથે પોરબંદર લવાયા હતાં.

દિલ્હી એનસીબીની ટીમને પોરબંદરના દરિયામાં જહાજ મારફતે માદક પદાર્થો આવતા હોવાની મળેલી માહિતીને આધારે દિલ્હી એનસીબીની ટીમે નૌકા દળનો સંપર્ક કરીને ગુરૂવારે મોડી રાત્રે આ અભિયાન પાર પાડ્યું હતું.

સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, એનસીબી, ભારતીય નૌકા દળ અને ગુજરાત પોલિસનું આ સંયુક્ત અભિયાન નશા મુક્ત ભારતનાં સપનાને સાકાર કરવાની સરકારની પ્રતિબધ્ધતાનું ઉદાહરણ છે.

શ્રી શાહે આ ઘટનાને ઐતિહાસિક સફળતા ગણાવીને આ અભિયાનમાં જોડાયેલી એજન્સીઓને અભિનંદન પાઠવ્યા છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# CHOTA UDAYPUR KYC CAMP

છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા રેશન કાર્ડ, આધારકાર્ડના KYC અને પીએમ જે.વાય. કાર્ડ માટે કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં E-KYCની સાથે પ્રધાનમંત્રી જનઆરોગ્ય કાર્ડ પણ સ્થળ ઉપર નીકળી જાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ હતી. કેમ્પમાં 600થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ અંગે નગરપાલિકાના મુખ્ય અધિકારી ભાવિક બરજોડે વધુ માહિતી આપી હતી.

## બાઈટ : ભાવિકકુમાર બરજોડ, ચીફ ઓફિસર, છોટાઉદેપુર

------------------------------------------------------------------------

- **SORCE NDMS**

જયેશ વેગડા -(NAVIN)

# WEATHER

રાજ્યમાં આગામી 2થી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતાઓ ઘણી ઓછી છે. રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે, અત્યાર સુધી ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી ગુજરાત પર પવન આવી રહ્યા હતા, જેથી જમ્મુ-કાશ્મીરમાં થયેલી હિમવર્ષાની અસર રાજ્યના લોકોને ઠંડક તરીકે વર્તાઈ રહી હતી. જોકે, હવે પવનની દિશા પૂર્વ અને દક્ષિણ પૂર્વ તરફ થઈ છે. એટલે આગામી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડાની શક્યતાઓ નહિવત્ છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં 17 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે અમરેલી સૌથી ઠંડો જિલ્લો રહ્યો હતો. જ્યારે ઓખા બંદર ઉપર 25.6 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી વધુ લઘુત્તમ તાપમાન રહ્યું હતું.

---------------------------------------------------------------------

- (PTC- AHMEDABAD- PRAVESH)

-(NAVIN)

# PATAN EARTHQUAKE

પાટણ જિલ્લામાં ગઈકાલે રાત્રે સવા 10 વાગ્યે ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં અચાનક ત્રણથી ચાર સેકન્ડ સુધી 4.2ની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ પાટણથી 13 કિલોમીટર દૂર હતું. કારતક પૂનમના દિવસે જ ભૂકંપ આવતા જિલ્લાના લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

---------------------------------------------------------------------

- **PTC- PATAN- PRAVESH.**

-(NAVIN)

# AANAND MoU

આણંદ પાવર ગ્રીડ કૉર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ અને આણંદ જિલ્લા પંચાયત વચ્ચે સમજૂતી કરાર કરાયા છે. જિલ્લાના 25 ગામોમાં ઘરે ઘરે જઈ કચરો એકત્રિત કરવા ઈ-રીક્ષા અને પ્રાથમિક શાળાઓમાં સોલાર પાવર આર.ઓ. પ્લાન્ટ કાર્યરત કરવા સમજૂતી કરાર કરાયા છે. આ અંગે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ માહિતી આપી હતી.

## બાઈટ : પ્રવીણ ચૌધરી ( કલેક્ટર આણંદ)

-------------------------------------------------------------------

- **SORCE NDMS** જયેશ વેગડા -(NAVIN)